# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06-10-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

*****************************************************

1) કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને બાળકોમાં કફ સિરપનો ઉપયોગ વિવેકપૂર્ણ રીતે કરવા ખાસ સૂચના આપી.

2) પશ્ચિમ બંગાળના દાર્જિલિંગ પહાડી વિસ્તારમાં ભૂસ્ખલનથી 23 લોકોનાં મોત.

3) કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ આજથી દોહામાં કતારની મુલાકાતે.

4) ભારતીય નૌકાદળમાં આજે વિશાખાપટ્ટનમ ખાતે યુદ્ધ જહાજ "INS એન્ડ્રોથ"ને સામેલ કરાશે.

5) મહિલા ક્રિકેટ વિશ્વ કપમાં ભારતે પાકિસ્તાનને 88 રનથી હરાવ્યું.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# HEALTH-MINISTRY-COUGH-SYRUPS

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને બાળકોમાં કફ સિરપનો ઉપયોગ વિવેકપૂર્ણ રીતે કરવા ખાસ સૂચના આપી છે. મંત્રાલયે જણાવ્યું કે, ઉધરસ પોતાની મેળે જ ઠીક થઈ જાય છે અને તેને દવાની જરૂર નથી. મધ્યપ્રદેશના છિંદવાડામાં તાજેતરમાં દૂષિત કફ સિરપ પીવાથી બાળકોના મૃત્યુ બાદ મંત્રાલયે આ સલાહ જાહેર કરી છે.

કેન્દ્ર સરકારે કેન્દ્રીય આરોગ્ય સચિવ પુણ્ય સલિલા શ્રીવાસ્તવની અધ્યક્ષતામાં ઉચ્ચ સ્તરીય બેઠકમાં દવા ગુણવત્તા નિયમોના પાલનની સમીક્ષા કરી. કેન્દ્ર સરકારે તમામ દવા ઉત્પાદકો દ્વારા સુધારેલા સમયપત્રકનું કડક પાલન કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. કેન્દ્રીય આરોગ્ય મંત્રીએ અગાઉ આ બાબતે રાજ્યો સાથે તાત્કાલિક ચર્ચા કરવાનો નિર્દેશ આપ્યો હતો.

અધિકારીઓએ પુષ્ટિ કરી કે, ગુણવત્તામાં ખામીઓ ઓળખવા માટે છ રાજ્યોમાં 19 ફાર્માસ્યુટિકલ ઉત્પાદન સુવિધાઓ પર જોખમ-આધારિત નિરીક્ષણ શરૂ કરવામાં આવ્યું છે. રાજ્યોને દેખરેખ વધારવા સૂચના અપાઈ છે.

# DARJEELING-RAINFALL

પશ્ચિમ બંગાળના દાર્જિલિંગ પહાડી વિસ્તારમાં અવિરત ભારે વરસાદને કારણે ભૂસ્ખલનની અનેક ઘટનાઓમાં ઓછામાં ઓછા 23 લોકોનાં મોત થયા છે. ઉત્તર બંગાળના 8 જિલ્લાઓના મેદાની વિસ્તારમાં અચાનક પૂર અને તિસ્તા

અને તોર્ષા સહિતની ઘણી નદીઓ ભયજનક સપાટીથી ઉપર વહી રહી હોવાના અહેવાલો છે

સાંભળીએ એક અહેવાલ......

(V/C: ASHOK-KURSEONG)

# GOYAL-QATAR-VISIT

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ આજથી દોહામાં કતારની બે દિવસીય મુલાકાતે રવાના થશે. તેમની મુલાકાત દરમિયાન, શ્રી ગોયલ કતારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શેખ ફૈઝલ બિન થાની બિન ફૈઝલ અલ થાની સાથે કતાર-ભારત સંયુક્ત વેપાર અને વાણિજ્ય આયોગની બેઠકની સહ-અધ્યક્ષતા કરશે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું કે, મંત્રીની મુલાકાત ભારત કતાર સાથેના વેપાર અને રોકાણ સંબંધોને કેટલું મહત્વ આપે છે તે દર્શાવે છે.

સાંભળીએ એક અહેવાલ....

(VOICE CAST- SHAKTI)

# MAHA-AMIT-SHAH

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે મહારાષ્ટ્રમાં ભારતના પ્રથમ સહકારી આધારિત સીએનજી અને સ્પ્રે ડ્રાયર પોટાશ ગ્રાન્યુલ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રોજેક્ટ અહિલ્યાનગર જિલ્લાના કોપરગાંવમાં સહકાર મહર્ષિ શંકરરાવ કોલ્હે સહકારી ખાંડ મિલ ખાતે શરૂ કરવામાં આવ્યો હતો.

શ્રી શાહે જણાવ્યું કે દેશભરની 15 સહકારી ખાંડ મિલોમાં આવા એકમો સ્થાપિત કરવામાં આવશે, જેમાં મહારાષ્ટ્ર અગ્રણી ભૂમિકા ભજવશે તેવી અપેક્ષા છે.

ગૃહમંત્રીએ માહિતી આપી કે, કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ દ્વારા 15 સહકારી ખાંડ મિલોને નાણાકીય સહાય પૂરી પાડી છે અને છ વર્ષમાં 11,300 કરોડ રૂપિયાની ફાળવણી સાથે 'કઠોળ સ્વ-નિર્ભરતા મિશન' શરૂ કર્યું છે. શ્રી શાહે એ પણ માહિતી આપી કે, સરકારે મસૂર, લીલા ચણા, સરસવ, ચણા, તુવેર, જુવાર, સોયાબીન, કપાસ અને ઘઉં જેવા મુખ્ય પાક માટે લઘુત્તમ ટેકાના ભાવમાં વધારો કર્યો છે.

# NAVY-ANDROTH

ભારતીય નૌકાદળમાં આજે વિશાખાપટ્ટનમ ખાતે એન્ટિ-સબમરીન વોરફેર (ASW) યુદ્ધ જહાજ "INS એન્ડ્રોથ"ને સામેલ કરશે. આ ભારતીય નૌકાદળનું બીજું એન્ટિ-સબમરીન વોરફેર (ASW) છે. વાઇસ એડમિરલ રાજેશ પંઢારકર સમારોહની અધ્યક્ષતા કરશે. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે, INS એન્ડ્રોથ

**ભારતીય નૌકાદળની સ્વદેશીકરણ તરફની પ્રગતિમાં એક સીમાચિહ્નરૂપ છે, જે તેની ક્ષમતાઓમાં વધારો કરે છે.**

**એન્ડ્રોથનું ઉત્પાદન કોલકાતા સ્થિત ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ દ્વારા કરવામાં આવ્યું છે, જે 80 ટકાથી વધુ સ્વદેશી સામગ્રીનો ઉપયોગ કરે છે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# GST-AASAM

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા જાહેર કરાયેલા GST સુધારા ગયા મહિનાની 22મી તારીખથી અમલમાં આવ્યા. પ્રધાનમંત્રીએ તેને "બચત ઉત્સવ" ગણાવ્યો છે, જેનો લાભ સમાજના તમામ વર્ગોને મળી રહ્યો છે.**

અમારા સંવાદદાતા આસામના અર્થતંત્રને મળેલા પ્રોત્સાહન વિશે અહેવાલ આપે છે.

(VOICE CAST: GST-AKSHIT )

# OPEC-OUTPUT-HIKE

ઓક્ટોબરમાં ઉત્પાદન વધારા બાદ, રશિયા અને કેટલાક નાના તેલ ઉત્પાદકોએ, પેટ્રોલિયમ નિકાસ કરનારા દેશોના સંગઠન (OPEC) અને અન્ય દેશો સાથે મળીને નવેમ્બરથી તેલ ઉત્પાદનમાં દૈનિક એક લાખ 37 હજાર બેરલ (bpd) વધારો કરવાનો નિર્ણય લીધો છે.

સાંભળીએ એક અહેવાલ.......

(V/C- VAISHNAVI)

# WOMEN-CRICKET

મહિલા ODI ક્રિકેટ વિશ્વ કપમાં ભારતે પાકિસ્તાનને 88 રનથી હરાવ્યું. કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે પ્રથમ બેટિંગ કરતા ભારતે 50 ઓવરમાં 247 રન બનાવ્યા. લક્ષ્યનો પીછો કરતા પાકિસ્તાન 159 રનમાં ઓલઆઉટ થઈ ગયું. ભારત તરફથી ક્રાંતિ ગૌર અને દીપ્તિ શર્માએ ત્રણ-ત્રણ વિકેટ લીધી, જ્યારે સ્નેહ રાણાએ બે વિકેટ લીધી. ક્રાંતિ ગૌરને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી.

હરલીન દેઓલે સૌથી વધુ 46 રન, રિચા ઘોષે 35 અને જેમીમા રોડ્રિગ્સે 32 રન બનાવ્યા. આ ટુર્નામેન્ટમાં ભારતની બીજી જીત છે. અગાઉ, ભારતીય ટીમે પોતાની પહેલી મેચમાં શ્રીલંકાને હરાવ્યું હતું. ભારતનો આગામી મુકાબલો 9 ઓક્ટોબરે દક્ષિણ આફ્રિકા સામે થશે. આ ટુર્નામેન્ટમાં પાકિસ્તાનનો સતત બીજો પરાજય છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા

- આજે લગભગ તમામ અખબારોમાં દાર્જિલિંગમાં થયેલ વરસાદ અને ભૂ-સ્ખલનના સમાચાર પહેલા પાને વાંચવા મળી રહ્યા છે, દિવ્યભાસ્કરે લખ્યું છે કે, દાર્જિલિંગમાં ભારે વરસાદ - ભૂ-સ્ખલનથી 20 ના મોત, 2 હજાર પ્રવાસીઓ ફસાયા,સંદેશે દાર્જિલિંગમાં વરસાદ
- ભૂ-સ્ખલનથી 20 ના મોત જ્યારે ગુજરાત સમચારે પશ્ચિમ બંગાળ,બિહાર, ભૂટાન, નેપાળ અને ઉત્તર પૂર્વ ભારતમાં તારાજી, ભારે વરસાદે દાટ વાળ્યો - 105 લોકોના મોત
- નવગુજરાત સમયે વરસાદે દાર્જિલિંગથી નેપાળ સુધી તબાહી મચાવી: 72 ના મોતના સમાચાર છાપ્યા છે. ફૂલછાબે પણ બંગાળમાં ભારે વરસાદ, દાર્જિલિંગમાં ભૂ-સ્ખલન: 40 ના મૃત્યુના સમાચાર પેહલા પાને લીધા છે.
- અન્ય સમાચારોમાં પાકિસ્તાનના નસીબમાં હાર, પુરુષો બાદ મહિલા ટીમ સામે પરાજય, એમપીના બૈતુલમાં ઝેરી કફ સિરપથી બે બાળકના મોત, ડોક્ટરની ધરપકડ, બિહાર મતદાન અંગેના સમાચાર સહિતના સમાચાર વાંચવા મળી રહ્યા છે.